ગુરૂવાર સવારના આઠેક વાગ્યાના અરસામાં ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે નહીં આવતા બીજા દિવસે લાશ મળી આવી

## હડમત ગામના યુવાનની લાશ મળતા હાહાકાર

કોઈપણ વ્યક્તિ આત્મહત્યા કરે તો તેના ચંપલ ઉતારીને આત્મહત્યા કરે તેમ માની લેવું યોગ્ય નથી



( પ્રતિનિધિ ) સુખસર,તા.20

સુખસર તાલુકા પોલીસ હદ વિસ્તાર માંથી અવાર-નવાર કુવા,નદી,નાળા તેમજ નિર્જન જગ્યાએથી લાશો મળી આવવાના બનાવો સાવ સામાન્ય બાબત બની ચૂકી છે.તેવીજ રીતે આજરોજ વધુ એક બનાવ સુખસર તાલુકાના હડમત ગામના 26 વર્ષીય યુવાન ગતરોજ ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે નહીં જતા આજરોજ સવારના હડમત ગામની નદીમાંથી મોઢા ઉપર ઈજાઓ સાથે લાશ મળી આવતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ સુખસર તાલુકાના હડમત ગામના શિરા ફળિયામાં રહેતા ચારેલ સુક્રમભાઈ નાથુભાઈ(ઉંમર વર્ષ આશરે.26)નાઓ ખેતીવાડી તથા છૂટક કામધંધો કરી પોતાના ઘરનું ગુજરાત ચલાવતા હતા. જેઓને સંતાનમાં એક પુત્ર પણ છે.જ્યારે સુક્રમભાઈ ચારેલ ગુરૂવારના રોજ સવારના આઠેક વાગ્યાના અરસામાં ઘરે કોઈને જાણ કર્યા વગર ક્યાંક ગયા હતા. અને તેના મોબાઈલ ઉપર કોલ કરવા છતાં કોલ રિસીવ કરવામાં આવ્યો ન હતો.ત્યાર બાદ મોડી સાંજ સુધી પરત ઘરે નહીં આવતા ગામમાં કે કોઈ સગા સંબંધીમાં ગયેલ હશે તેમ ઘરના સભ્યોએ માની શોધ ખોળ કરેલ ન હતી.ત્યારબાદ આજરોજ સવારના મૃતક સુક્રમભાઈના ભાઈ દિનેશભાઈ નદી બાજુ વાળા ખેતર તરફ ગયેલા ત્યારે ખેતરની નજીક આવેલ ચેકડેમ ઉપર સુક્રમભાઈના ચપ્પલ જોવા મળ્યા હતા.ત્યારે ચેકડેમ ઉપર જઈ જોતા શુક્રમભાઈની લાશ નદીના ચેકડેમના તળિયે પાણી વિનાની પથરાળ જગ્યામાં પડેલી જોવા મળી હતી.આ વાતની ઘરના સભ્યોને જાણ થતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.અને તેની જાણ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.સુખસર પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાશના પંચનામા બાદ લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ માટે મોકલી આપી હતી.

નોંધનીય છે કે,મૃતક યુવાન દારૂનો વ્યસની હોવા બાબતે પોલીસમાં જાહેરાત આપનાર મૃતકના ભાઈએ કેફિયત જણાવી છે.અને આ હકીકત સત્ય હોઈ શકે.પરંતુ પ્રશ્ન એ છે કે મૃતક યુવાન ચેકડેમ ઉપર નિર્જન જગ્યાએ કેમ ગયો? કોઈપણ વ્યક્તિ આત્મહત્યા કરે તો તેના ચંપલ ઉતારીને આત્મહત્યા કરે તેમ માની લેવું યોગ્ય નથી.

જો આ મૃતક યુવાન અકસ્માતે ડેમની દીવાલ ઉપરથી નીચે પટકાયો હોય તો તેના ચપ્પલ ડેમની દિવાલ ઉપર કેવી રીતે?તેવા અનેક પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે.ઉપરોક્ત બાબતે મૃતકના ભાઈ હસમુખભાઈ નાથુભાઈ ચારેલે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી લાશને સુખસર સરકારી દવાખાનામાં મોકલી પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

ભવ્ય શોભાયાત્રા, આકર્ષક ઝાંખીઓ અને આતશબાજી

## ગોધરામાં 'જય ઝુલેલાલ'નો નાદ: સિંધી સમાજ દ્વારા ચેટીચંડની ઉજવણી

(પ્રતિનિધિ) ગોધરા તા.20

ગોધરા સિંધી સમાજના અગ્રણી ડાલુમલ મંજાણી પરીવારે જણાવ્યું કે, ચેટીચંડ ની આ ઉજવણી માત્ર તહેવાર નથી, પરંતુ માનવતા, સિંધુ સંસ્કૃતિ, હિન્દુ એકતા,સમરસતા અને ભક્તિનો પર્વ છે.. ગોધરા શહેરમાં સિંધી સમાજના આરાધ્ય દેવ ભગવાન ઝુલેલાલના જન્મોત્સવ અને સિંધી નવા વર્ષ ચેટીચંડના રંગે રંગાયું હતું. હજારોની સંખ્યામાં ઉમટી પડેલા ભક્તો અને જય ઝુલેલાલના ગગનભેદી નાદથી સમગ્ર ગોધરા શહેર ગુંજી ઉઠ્યું હતું.



સવારથી શરૂ થયેલા ધાર્મિક કાર્યક્રમો મોડી રાત સુધી ભવ્ય આતશબાજી સાથે ચાલ્યા હતા. જેમાં અદભૂત જનમેદની અને ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવસની શરૂઆત ગોધરા સ્થિત ઝુલેલાલ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના સાથે થઈ હતી. મંદિરમાં ભવ્ય આરતી અને ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિંધી સમાજના પરિવારોએ મોટી સંખ્યામાં જોડાઈ આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ભક્તો માટે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બપોર બાદ શહેરના મુખ્ય માર્ગો પર વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

જેમાં ભગવાન ઝુલેલાલની ફૂલોથી સજાવેલી મનમોહક પ્રતિમા અને હિન્દુ સંસ્કૃતિ તેમજ દેશની વિવિધ સિદ્ધિઓ દર્શાવતી સુંદર ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

તલાટીઓ જમીનના સોદામાં રચ્યા પચ્યા રહેતાની ચર્ચા

## ડભોઈની માંડવા ગ્રા.પં.નુ વીજ કનેક્શન કપાતા અંધારપટ છવાયો

(પ્રતિનિધિ) ડભોઇ તા.20

ડભોઈ તાલુકા ની ગ્રામ પંચાયતો નો વહીવટ ધીરેધીરે ખાડે જઈ રહ્યો છે ડભોઇ તાલુકા ના માંડવા ગ્રામ પંચાયત નુ ૫૪૯૫.૭૨ બીલ બાકી પડતું હતું જે માટે એમ.જી.વી.સી.એલ ના અધિકારીઓ - કર્મચારીઓ દ્વારા સરપંચ અને તલાટી ને ફોન કરી બિલ ભરી જવા અનેક વાર ફોન કરેલ પરંતુ માંડવા જુથ ગ્રામ પંચાયત ના સરપંચ અને તલાટી સતા ના નશામાં મદ હોય ફોન ઉઠાવવા ની તસ્દી લીધી નહોતી જેને લઈ કંટાળી એમ.જી.વી.સી. એલ દ્વારા માંડવા જુથ ગ્રામ પંચાયત દ્વારા વિવિધ વિભાગ ના વિજ કનેક્શન કાપી નાંખતા માંડવા જુથ ગ્રામ પંચાયત નુ વિજ કનેક્શન કપાઈ જતાં નાનકડા ગામ મા અંધાર પટ છવાઈ જવા પામ્યો સાથે પીવા ના પાણી પણ હાડ મારી પણ સર્જાશે એ નક્કી છે ડભોઇ તાલુકા પંચાયત ના તાલુકા વિકાસ અધિકારી પોતાની ચેમ્બર છોડી ગ્રામ પંચાયતો ના તલાટી ઓ ના કલાસ લે એ જરૂરી છે અધિકારીઓ એ.સી ચેમ્બર છોડવા જાણે તૈયાર નથી જેને લઈ તલાટી ઓ ને છુટોદોર મળી ગયો છે કહે છે ડભોઇ તાલુકા મા તલાટી ઓ પાસે બબ્બે સેજા હોવાને લઈ જમીન ના સોદા મા રચ્યાપચ્યા હોવાની ચર્ચા તાલુકામાં ચાલી રહી છે.

2016થી આજદિન સુધીની યોજનાઓ અને ખર્ચની વિગત માંગતા ભ્રષ્ટાચારની ચર્ચા તેજ

## કાલોલ તાલુકા સુરેલી ગામમાં RTIથી ચકચાર પંચાયતના કામકાજ પર ઉઠ્યા અનેક સવાલો

'વ્હાલા-દવલા'ની નીતિના આક્ષેપો, સરપંચ સામે પક્ષપાતના આરોપો

(પ્રતિનિધિ) કાલોલ તા.20

કાલોલ તાલુકાના સુરેલી ગામમાં એક જાગૃત નાગરિક દ્વારા માહિતી અધિકાર કાયદા (RTI) હેઠળ ગ્રામ પંચાયતની વિસ્તૃત માહિતી માંગવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ગામમાં વિકાસ કામો અને વિવિધ યોજનાઓમાં ભ્રષ્ટાચાર થતો હોવાની ચર્ચાઓ વચ્ચે આ માંગણીએ મુદ્દાને વધુ ગંભીર બનાવ્યો છે.

મળતી માહિતી મુજબ, સુરેલી ગામના પ્રવીણકુમાર દિલીપસિંહ પટેલ દ્વારા તલાટી કમ મંત્રી પાસે RTI હેઠળ કુલ 15 મુદ્દાઓ અંગે માહિતી માંગવામાં આવી છે. જેમાં વર્ષ 2016થી આજદિન સુધી આયોજન પંચ, નાણાપંચ, મનરેગા યોજના, ધારાસભ્ય અને સંસદ સભ્યની ગ્રાન્ટ તેમજ લોકફાળાની તમામ વિગતોનો સમાવેશ થાય છે.અરજદારે વિવિધ વિકાસ કામોના પ્લાન્ટ એસ્ટીમેટ, વર્ક ઓર્ડર, મસ્ટર રોલ, એમઓયુ તથા કામ કરનાર એજન્સી અને કોન્ટ્રાક્ટરના નામ-સરનામાં સાથે ચુકવણીના ચેક નંબર અને બિલની વિગતો પણ માંગવામાં આવી છે. ઉપરાંત, આવાસ યોજના અને શૌચાલય યોજનાના લાભાર્થીઓની યાદી તથા પેપર બ્લોક સહિતના કામોની સંપૂર્ણ માહિતી માંગવામાં આવી છે.તે ઉપરાંત, 2016થી અત્યાર સુધી ગ્રામસભા અને પંચાયત બેઠકમાં હાજર રહેલા અધિકારીઓની હાજરી રજીસ્ટરની નકલ, કુદરતી આફતમાં આપવામાં આવેલા લાભોની વિગતો, તેમજ ગ્રામ પંચાયત સામે થયેલી ફરિયાદોની નકલ પણ માંગવામાં આવી છે.RTI અરજીમાં દબાણ દૂર કરવાની કામગીરી અંગે પણ માહિતી માંગવામાં આવી છે, જેમાં દબાણદારોને આપવામાં આવેલી નોટિસ તથા કરવામાં આવેલી કાર્યવાહીનો સમાવેશ થાય છે.મળતી માહિતી મુજબ, ગ્રામ પંચાયત સત્તાધીશો પર 'વ્હાલા-દવલા'ની નીતિ અપનાવી કામગીરી કરવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. સરપંચ દ્વારા પોતે તેમજ તેમના નજીકના લોકો દ્વારા કરાયેલા દબાણો દૂર ન કરવામાં આવતા, જ્યારે વિરોધી પક્ષના લોકો સામે કાર્યવાહી કરવામાં આવતી હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે.આ સમગ્ર મામલે RTIના આધારે વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને કારણે ગામમાં રાજકીય અને સામાજિક સ્તરે ચર્ચાનો માહોલ ગરમાયો છે.

પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક મળી

## જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.20

પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વીજળી,નલ સે જલ યોજના અંતર્ગતના જોડાણ જેવી પ્રજાલક્ષી પ્રશ્નોના નિવારણ અંગે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ નાગરિકોને સ્પર્શતા વિવિધ વિષયો અંગેના પ્રશ્નો જેવાં કે પડતર અરજીઓના નિવારણ, આરોગ્યલક્ષી સેવાઓ વધારવા, વિવિધ યોજનાઓના સહાય વિતરણ, વીજ જોડાણ તથા અન્ય જરૂરી બાબતો અંગે સકારાત્મક અભિગમથી કામ કરી ઝડપી અને યોગ્ય નિકાલ કરવા સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.



આ બેઠકમાં હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર,નિવાસી અધિક કલેકટર જે.જે.પટેલ,નાયબ વન સંરક્ષક,નાયબ વન સંરક્ષક,પ્રાંત અધિકારી સહિત સંકલન સમિતિના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ધૂળીયુ વાતાવરણ સર્જાયું

## કાલોલ તાલુકામાં સાંજના સુમારે અચાનક આંધી જેવી સ્થિતિ સર્જાઈ

(પ્રતિનિધિ) ગોધરા તા.20

કાલોલ શહેરમાં આજે સાંજના સુમારે કુદરતે રૌદ્ર મિજાજ બતાવ્યો છે. સાંજના સાતેક વાગ્યાના અરસામાં આખા શહેરમાં ફૂંકાયેલા અતિ તેજ પવનને કારણે 'મિની વાવાઝોડા' જેવી સ્થિતિ સર્જાઈ હતી જ્યાં પવનની ગતિ એટલી તીવ્ર હતી કે અનેક વિસ્તારોમાં હોર્ડિંગ્સ ઉડવાની ઘટના સાથે વાહનચાલકોને ધૂળની ડમરીઓનો સામનો કરવો પડ્યો હતો.ગતરોજ તારીખ 19 માર્ચની સાંજના સાતેક વાગ્યાના સુમારે અચાનક કાલોલ શહેર સહિત સમગ્ર તાલુકાના વિવિધ વિસ્તારોમાં આંધી જેવી સ્થિતિ સર્જાઈ હતી અને શહેરમાં ભારે પવનના ઝોકા અનુભવાયા હતા. જેના કારણે અનેક વિસ્તારોમાં ધૂળ ઉડી રહી હતી અને દશ્યતા પર અસર જોવા મળી હતી જ્યાં નગરના કેટલાક સ્થળોએ હોર્ડિંગ્સ હલનચલન થવાની ઘટનાઓ પણ સામે આવી છે.હવામાન વિભાગના અનુમાન મુજબ આ અચાનક પવનવેગનું કારણ પશ્ચિમ દિશાથી આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને તાપમાનમાં થયેલા અચાનક ફેરફાર છે. ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી ગરમીમાં વધારો નોંધાયો હતો, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા ઊભી થઈ હતી અને સાંજના સુમારે અચાનક પવન સાથે આંધી જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.



માર્ગદર્શન શિબિર પણ યોજાશે

## હાલોલમાં ખાસ ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરાયું

(પ્રતિનિધિ) હાલોલ તા.20

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ દ્વારા માત્ર દિવ્યાંગ ઉમેદવારો માટે એક વિશેષ ઔદ્યોગિક ભરતીમેળો અને સ્વ-રોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન આગામી ૨૩ માર્ચના રોજ હાલોલ ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતીમેળા તારીખ: ૨૩ માર્ચ (સોમવાર)ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગુનેબો ઈન્ડિયા પ્રા.લી., પ્લોટ નંબર ૧૩૦૨-૧૩૦૬, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે, ચંદ્રપુરા રોડ, હાલોલ ખાતે યોજાશે. આ ભરતીમેળામાં ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. શૈક્ષણિક લાયકાતમાં ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ (ITI), ડિપ્લોમા તેમજ ગ્રેજ્યુએટ થયેલ ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અનુભવી અને બિન-અનુભવી ઉમેદવારો ઈન્ટરવ્યુમાં જોડાઈ શકશે. ખાનગી ક્ષેત્રની વિવિધ કંપનીઓ દ્વારા ૩૫૦ થી વધુ ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે સ્થળ પર જ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વ-રોજગારી માટે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. જિલ્લા રોજગાર અધિકારીશ્રી દ્વારા પંચમહાલ જિલ્લાના લાયક દિવ્યાંગ ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ અથવા NCS પોર્ટલના માધ્યમથી આ ભરતીમેળાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શ્રમિક શોષણ અને સલામતી મુદ્દે લોકોમાં રોષ

## વિટોજ પાસે ઈંટોના ભઠ્ઠા પાસે મજૂરનું ટ્રેક્ટર પરથી પડી જતા નીપજ્યુ મોત

(પ્રતિનિધિ) હાલોલ તા.20

હાલોલ તાલુકાના વિટોજ નજીક આવેલા ઈંટોના ભઠ્ઠા પર મજૂરી કામ કરતા એક મજૂરનું મોત નિપજતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, ઈંટોની હેરફેર દરમિયાન ટ્રેક્ટર પરથી પટકાતા મજૂર ટ્રોલીના પૈડાં નીચે આવી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, વિટોજ નજીક આવેલા એ.એસ. બ્રિક્સ નામના ઈંટ ભઠ્ઠા પર ટ્રેક્ટર ચલાવતા ભગવાનપુરા ગામના હિતેશભાઈ અર્જુનભાઈ નાયક પોતાના ભાઈ ગોપાલ નાયકને સાથે લઈને ઈંટો ભરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન ગોપાલ નાયક ચાલુ ટ્રેક્ટર પરથી નીચે પટકાયો હતો. ડ્રાઈવરે સમયસર ટ્રેક્ટર રોક્યું ન હોવાથી ગોપાલ નાયક ઉપર ટ્રોલીનું પૈડું ફરી વળ્યું અને ઘટનાસ્થળે જ તેનું કરુણ મોત નિપજ્યું હતું.બનાવ અંગે મૃતક ગોપાલ નાયકની પત્ની કિંજલ નાયકે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનમાં ટ્રેક્ટર ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસે ફરિયાદના આધારે આરોપી ડ્રાઈવર હિતેશ નાયકને ઝડપી લઈને ટ્રેક્ટર જપ્ત કર્યું છે અને વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટનાએ હાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા ઈંટોના ભઠ્ઠાઓમાં મજૂરોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ઘણા ભઠ્ઠાઓમાં મજૂરોની નોંધણી અને વીમા જેવી મૂળભૂત સુવિધાઓ આપવામાં આવતી નથી તેવી ફરિયાદો સામે આવી રહી છે. સાથે જ કેટલાક ભઠ્ઠાઓ જમીનનો હેતુ ફેરફાર કર્યા વગર ખેતીની જમીન પર ચલાવવામાં આવી રહ્યા હોવાના તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની જરૂરી મંજૂરી વિના કામગીરી થતી હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

સ્થાનિક મામલતદાર, પ્રાંત અધિકારી સહિતના જવાબદાર તંત્ર દ્વારા આવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ન થતી હોવાના કારણે શ્રમિક શોષણ અને સલામતી મુદ્દે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ભક્તોને તીર્થયાત્રા માટે સીધી સુવિધા

## વડોદરા ડેપોથી ઉજ્જૈન-શિરડી માટે નવી બસ સેવાઓનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવા માટે વડોદરા એસટી ડેપો પરથી ઉજ્જૈન અને શિરડી માટે નવી બસ સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી સેવા શરૂ થતા શહેરના ધર્મપ્રેમી નાગરિકો માટે તીર્થયાત્રા વધુ સરળ અને સુગમ બનશે.

અત્યાર સુધી દૂર આવેલા તીર્થસ્થાનો સુધી પહોંચવા માટે મુસાફરોને મુખ્યત્વે રેલવે પર નિર્ભર રહેવું પડતું હતું. ટ્રેનમાં ટિકિટ કન્ફર્મ ન થવાની સમસ્યા અને સ્ટેશન બદલવાની મુશ્કેલીને કારણે યાત્રિકોને અસુવિધા અનુભવાતી હતી. હવે નવી બસ સેવા શરૂ થતા મુસાફરોને સીધી અને સરળ મુસાફરીનો વિકલ્પ ઉપલબ્ધ થયો છે.

વડોદરા એસટી ડેપો ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ત્રણ નવી બસ સેવાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપો મેનેજર જાગૃતિ રબારી સહિત એસટી નિગમના અધિકારીઓ હાજર રહ્યા હતા. શરૂ કરાયેલી સેવાઓમાં બે બસો વડોદરાથી ઉજ્જૈન માટે અને એક બસ વડોદરાથી શિરડી માટે દોડશે.

નિયમિત અંતરાલે ઉપલબ્ધ આ બસ સેવાઓના કારણે યાત્રિકો હવે સુનિયોજિત રીતે પોતાની તીર્થયાત્રા કરી શકશે.

આસ્તા ગામમાં વીજળી પડતા પશુઓ માટે સંગ્રહિત ઘાસચારો બળીને ખાક

## ભરૂચ જિલ્લાના 327 ગામોમાં અંધારપટ ઈલાવની આશ્રમશાળાના પતરા ઊડ્યાં

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 20

ભરૂચ જિલ્લામાં ગુરુવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. અતિ તીવ્ર પવન અને વાવાઝોડાને કારણે દરિયાઈ પટ્ટી વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. જિલ્લાના કુલ 327 ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં અંધારપટ છવાઈ ગયો હતો, જ્યારે 32 જેટલાં ઝાડો જમીનદોસ્ત થયાં છે. વાવાઝોડાની અસર ભરૂચ અને અંકલેશ્વર શહેર સહિત કુલ 10 ટાઉનમાં પણ જોવા મળી હતી. ડીજીવીસીએલની ટીમોએ મધરાત સુધીમાં મહેનત



કરીને શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો. જિલ્લામાં 17 એચટી લાઈન અને 31 એલટી લાઈનને નુકસાન થયું હતું. શુક્રવાર સવાર સુધીમાં 321 ગામોમાં વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો હતો, જ્યારે 6 ગામોમાં કામગીરી ચાલુ હતી. સાયખા જીઆઈડીસી ખાતે એમઆર ચોકડી પર લગાવવામાં આવેલું વિશાળ હોર્ડિંગ બોર્ડ પણ ધરાશાયી થઈ ગયું હતું, જેના કારણે રોડ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. વાગરા તાલુકા પંચાયત કચેરી નજીક એક તોતિંગ વૃક્ષ પડતાં માર્ગ બંધ થયો હતો. હાંસોટ તાલુકાના આસ્તા ગામમાં વીજળી પડતાં પશુઓ માટે સંગ્રહિત ઘાસચારો બળીને ખાક થઈ ગયો હતો, જેના કારણે પશુપાલકોને આર્થિક નુકસાન થયું છે.

ઈલાવ ગામમાં આવેલી આશ્રમ શાળાના પતરા જોરદાર પવનના કારણે ઉડી ગયા હતા, જેના કારણે શાળા મકાનને નુકસાન થયું છે. હાલ વહીવટી તંત્ર અને ડીજીવીસીએલની ટીમો નુકસાનનો જવાબ આપવા માટે સતત કામગીરી કરી રહી છે.

ગોધરાના સાવલીવાડ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો

## પંચમહાલ SOG પોલીસે એક વર્ષથી ફરાર આરોપીને ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા. 20

પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે મોરવા(હ) પોલીસ સ્ટેશનના પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી રહેલા વોન્ટેડ આરોપીને ગોધરાના સાવલીવાડ વિસ્તારમાંથી બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. પંચમહાલ રેન્જ આઈ.જી. વિધિ ચૌધરી અને જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશ દૂધાતની સૂચના મુજબ નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે એસ.ઓ.જી. ઈન્સ્પેક્ટર આર.એ. પટેલના માર્ગદર્શન હેઠળ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.



આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રકુમાર પુંજાલાલને ચોક્કસ બાતમી મળી હતી કે મોરવા(હ) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળનો આરોપી અજીત અયુબ શીવા રહે. નાટાપુર જે હાલ ગોધરામાં છે. આ બાતમીના આધારે SOGની ટીમે વોચ ગોઠવી સાવલીવાડ ખાતેથી આરોપી અજીત શીવાને દબોચી લીધો હતો. પકડાયેલા આરોપીનો કબજો ગોધરા ટાઉન એ ડિવિઝન પોલીસને સોંપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.